શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૭
અંક : ૬

## વિનાશક ચોમાસાનો આરંભ

૧૯૮૨ માં વાવાઝોડાની અસર હેઠળ આ વિસ્તારના ઘણાં ગામોને અસર થઈ હતી. ખાસ કરીને શેત્રુંજીના કાંઠાના ગામો વધુ પ્રભાવિત થયા હતા. આ વખતે સૌરાષ્ટ્રનો મોટો ભાગ અતિવૃષ્ટિની ઝપેટમાં આવ્યો. અમરેલી જીલ્લાના વડીયા, કુંકાવાવ, બગસરા, ધારી, અમરેલી, લીલીયા અને સાવરકુંડલાના વિસ્તારોમાં ભયંકર તારાજી સર્જાઈ.

આપણા મકાનો, રસ્તાઓ, પીવાના પાણી, વીજળી અને સંપર્ક વ્યવસ્થાઓ જેવી પ્રાથમિક જરૂરી હોય તેવી તમામ બાબતો અમુક વિસ્તારોમાં નષ્ટ થઈ ગઈ. જીવ હાનિ અને કુદરતી સંશાધનોમાં પુષ્કળ નુકસાન થવા પામ્યુ. કુદરતી તેમજ માનવસર્જીત આફતો માટેની પુર્વ તૈયારીઓની આપણે બધા સતત વાતો કરીએ છીએ પણ ખરેખર આપદા આવી પડે ત્યારે જ ખબર પડે કે શું પુર્વ તૈયારીઓ હોય. ૩૩ વર્ષ પહેલા બનેલી વાવાઝોડાની ઘટના વખતે તુરત રાહત કામગીરી શરૂ થઈ શકી કારણકે રસ્તાઓને બહુ નુકસાન થયુ ન હતુ. આ વખતે તો અસરગ્રસ્તો સુધી તત્કાલ પહોંચી શકાય તેવી સ્થિતિ રહી ન હતી. જેથી તેઓએ પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી હતી. સારૂ એ થયુ કે પછી તરત જ વરસાદ બંધ થયો જેથી રાહત જણાઈ. માનવતાવાદી તમામ પરીબળો તથા તંત્ર વ્યવસ્થાએ ખુબજ ઝડપથી વ્યવસ્થાઓ ગોઠવવાનું કાર્ય શરૂ કર્યુ. પ્રભાવીત લોકો સુધી પહોચી શકાય તે માટે રસ્તાઓ મરામત થવાનું શરૂ થયુ એ દરમ્યાન હવાઈ માર્ગથી લોકોને ખોરાક પહોચાડવાની વ્યવસ્થા ગોઠવાઈ. રસ્તાઓની પ્રાથમિક મરામતની કામગીરી શરૂ થતા નાના વાહનો દ્વારા રાહત કામગીરી શરૂ થઈ શકી.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– ટપક ટીમ**

**સારા વિચાર માનવીને સજજન બનાવે છે.**

સૌથી મોટો વિકટ પ્રશ્ન આ વિસ્તારના તમામ ખેડૂતોની ખેતીની જમીન ધોવાઈ ગઈ છે તે છે. આ સૌથી મોટુ નુકસાન છે. ખેડૂતો પોતાની જમીન માવજત માટે જે ખર્ચ કરતા હોય છે તેની સાથે સાથે પોતાના જ્ઞાન, આવડત અને અનુભવનો ઉપયોગ કરી સમય કાઢતા હોય તેનુ મુલ્ય આંકી શકાય તેવુ નથી તેમ છતાં નુકસાનીનો સર્વે થાય ત્યારે ખબર પડશે કે ખેતીની જમીનને કેટલુ નુકસાન થયુ છે.

ખેતીની વાત આવે એટલે સ્વભાવિક છે કે આપણને થાય, આપણુ સમગ્ર જીવન જે ખેત ઉત્પાદનો પર આધારિત છે અને તેને ધારણ કરનારની આજીવિકા તેના પર હોય ત્યારે તેમના આજીવિકાના સાધનો ક્ષણજીવી ન નિવડે તે માટેના નકકર પ્રયાસો જરૂરી હોય તેમ લાગી રહયુ છે. સામાન્ય વરસાદ પડે એટલે ખેતર રહેતો વ્યકિત ગામમાં આવી ન શકે કે ગામમાં રહેતો વ્યકિત ખેતર ન જઈ શકે તેવી સ્થિતિ હોય છે. ખેતર સુધી પહોચવાના પાકા રસ્તાઓ, પાણીના નિકાલની વ્યવસ્થાઓ, ખેતરમાં સિંચાઈ/વીજળીની સુવિધા, ખેત ઓજારો તથા ખેતરમાં કામ કરતા લોકોની સલામતી રહે તેવા પાકા મકાનની વ્યવસ્થાઓની સામુહિક સ્તરે આયોજનની જરૂર જણાય છે.

આજના વિકાસશીલ યુગમાં આપણે ત્યાં ખેતી આધારિત વ્યવસાયની મૂળભૂત સુવિધાનો અભાવ મુશ્કેલીઓનો અહેસાસ કરાવે છે. જે કુદરતી આફતો વખતે તેમાં અસહય વધારો થાય છે.

હાલ ખેડૂત ચોમાસા દરમ્યાન પોતાના ખેતરે પહોંચવાના રસ્તાઓની મરામત જાતે કરે છે. આ રસ્તા પરથી બળદગાડુ કે ટ્રેકટર લઈ જવુ મુશ્કેલ હોય ત્યારે બળદને સાતી સાથે જોડીને પણ ખેતર પહોંચે છે. જેમાં ખેડૂતનો સમય અને મહેનત માત્ર બરબાદ થાય છે જો આ બંને ખેતીકામમાં આવે તો તેને પોતાને અને સમાજને બંનેને ફાયદો થાય છે. ખેડૂતને ખેડ કરવાનો ઉત્સાહ હશે તો ચોકકસપણે ખેતિ આધારીત સમૂદાયના વસવાટોમાં તેમની જરુર મુજબની સૂવિધાઓ ઉભી કરવા સક્ષમ બનશે તેવી આશા રાખી શકાય. સામાન્ય રીતે ટ્રકટર સહિતના ખેત ઓજારો પોતાના ખેતર પર જ હોય ખેડૂત પોતાના વાહનમાં ખેતર જાય અને ખેતીકામ પુર્ણ કરી સમયસર પરત આવી શકે તો બીજા વ્યસાયકારોની જેમ તેને પણ થાય કે આ વ્યવસાયમાં પણ મજા છે. માટે ખેતર સુધીના રસ્તાઓ પાકા અને મજબુત હોય તે જરૂરી બને છે.

હાલની પરિસ્થિતિમાં અન્ય સંસ્થાઓ સાથે સંકલનમાં રહી સંસ્થાની ટીમ રાહત કાર્યમાં લાગી છે. ઝડપથી જનજીવન થાળે પડે તેવી અપેક્ષા સાથે સંસ્થાની ટીમ સૌ મદદગારો માટે આભારની લાગણી વ્યકત કરે છે.

**એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.**



## વિશ્વના સૌથી ગરીબ શાસક

૭૮ વર્ષના નેતા શ્રી મુશિકા ઉરૂગ્વેના રાષ્ટ્રપતિ છે. તેઓ એક ઝુપડીમાં રહે છે. કોઈ નોકર કે અંગરક્ષક રાખતા નથી. બીબીસીએ તેમના નિવાસ સ્થાને જઈ ઈન્ટર્વ્યુ કરી પબ્લીશ કર્યો તો તેમનું નિવાસ અને તેની ઓફીસ જોવા મળી હતી. બિલકુલ સામાન્ય ખેડૂત રહેતો તે પ્રકારની જીવન શૈલી વિશ્વને દર્શાવી. સામાન્ય પ્રકારના આ આવાસમાં તેઓ પોતાની આજીવિકા સાથે જાહેર જીવવનો પણ વહિવટ કરી શકે તેટલી સૂવિધાઓ રાખી છે. કોઈ સૂરક્ષા કર્મચારી કે તેમના અંગત મદદનીશ જોવા મળતા નથી.

શાસન વ્યવસ્થાનો સૌથી ઉદાહરણીય ચહેરો આ ગણી શકીએ.

હાલમાં સામાન્ય પ્રકારના વ્યવસાયો, સંસ્થાઓ તથા જાહેરક્ષેત્રોના કાર્યાલયો પણ ભવ્યતા તરફ જઈ રહયા છે. શું તે પ્રકારના કામો માટે તે ખરેખર જરૂરી હશે ? મોટા ભાગે હવે કોઈપણ કામકાજ માટે કાર્યાલય શરુ કરવાનું હોય ત્યારે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન, ફેકસ, પ્રિન્ટર તથા બેસવાની જરૂર પુરતી યોગ્ય વ્યવસ્થા જરૂરી બને છે.

દેખાદેખીથી જરૂર ન હોય તેવા સાધનો કે મેનપાવરથી દેખાડો કરવાની એક પ્રથા શરુ થઈ છે. કોર્પોરેટ ક્ષેત્રોએ તથા આધુનિક મેનેજમેંટ સીસ્ટમએ હોદ્દાઓને લઈ કયાંક ને કયાંક ઉંચનીચના ભેદભાવો રચ્યા તે પણ શાસન વ્યવસ્થાનુ એક ઉદાહરણ છે.

આપણે જાણીએ છીએ કે મૃત્યુ બાબતે કોઈ નિયંત્રણ માનવી પાસે નથી તેમ છતાં વિશ્વના તમામ શાસકો પોતાની સુરક્ષા માટે વ્યવસ્થાઓ ગોઠવતા હોય છે જેનાથી સામાન્ય લોકો સાથેનો સંપર્ક જ રહેતો નથી. સહભાગીતા વિના સારી શાસન વ્યવસ્થાઓ બનાવવી શકય નથી. આપણી પરંપરાગત પંચાયતો ગામ લોકો સાથે જમીન પર બેસીને સહભાગીતાથી નિર્ણયો કરતી ત્યારે લોકોને થતુ કે ખરેખર આ નિર્ણયો આપણે જાતે કરી રહયા છીએ.

### રમુજ એક થેરપી

**છગન :** આ બધા માણસો કેમ દોડે છે ?
**મગન :** આ રેસ છે, જે જીતે એને કપ મળે.
**છગન :** જે જીતે એને કપ મળવાનો હોય તો બાકી બધા શું કામ ખોટી દોડાદોડ કરે છે ?

**પાપ કદી માનવીને ચેનથી સુવા દેતુ નથી.**

## વાર્ષિક મિલન

તા. ૧૪/૬/૧૫ના રોજ સંસ્થાનુ ૩૬મુ વાર્ષિક અધિવેશન મળી ગયુ. અધિવેશનનો આરંભ લક્ષિત સમૂહમાંથી આવેલા બાબરા–બગસરા વિસ્તારના બાળકોના વરદ હસ્તે દીપ પ્રાગટયથી કર્યો હતો. સૌનુ સ્વાગત કરી એક પ્રેરક નાટક દ્વારા કાર્યક્રમને મનોરંજક બનાવ્યો હતો.

સંસ્થાની કામગીરીની વિગતો કાર્યકરો દ્વારા રજુ થતી રહી જેમાં જેન્ડરની બાબતો પર મહિલા ન્યાય સમિતીના બહેનો તથા ૧૮૧ની સેવા સાથે સંકળાયેલ કાઉન્સેલરોએ પોતાના કાર્યો જણાવ્યા હતા. તાલીમ અને શિક્ષણના કાર્ય સાથે સંકળાયેલા સાથીઓ સુરેશભાઈ, દિલીપભાઈ, માનુભાઈ તથા લર્નીગ એન્રીચમેંટ વર્ગમાં અભ્યાસ કરતી બેબીએ વિગતો આપી હતી. પર્યાવરણ અને સ્વચ્છતાના



મુદે ગત વર્ષમાં થયેલા પ્રયાસો અને તેમાં મળેલી અંશતઃ સફળતાઓ વિષે ચર્ચા કરવામાં આવી હતી. ખેતી ક્ષેત્રે ગત વર્ષથી કપાસની ગુણવતા પર થયેલ માર્ગદર્શન અને તેનાથી ખેડૂતોના સંગઠનો બનવાની પ્રક્રિયા રજુ કરવામાં આવી હતી. એન્ટરપ્રીનીયોર મોડેલ સૂક્ષ્મ પિયત પ્રોત્સાહન રાજુલા–જાફરબાદ, લેપ્રસી કોલોનીઓ ભાવનગર અને જુનાગઢના વ્યવસાયિક કાર્યો પર રજુઆત થઈ. સંસ્થાએ સંશોધન અને દસ્તાવેજીકરણમાં કરેલ કામગીરી રજુ કરી હતી. ૧૯૮૦થી કાર્યરત આ સંગઠનન માટે આટલા લાંબા સમયના કામકાજ છતા જોઈએ તેવો ફેરફાર પોતાના કાર્યક્ષેત્રમાં કરી શકયા નથી તેવા પ્રા. જે. એમ. તળાવીયાના વિધાન પર ચર્ચા થઈ. જેમાં વોટરશેડ જેવા કાર્યક્રમોથી

ખૂબજ સારા પરિણામો મળ્યા હોવાની વાત શ્રી બિપીનભાઈ જોષીએ કહી હતી. શ્રી દીપા ચૌહાણની લાગણી એ રીતે રજુ થઈ કે એક દશક પહેલા સંસ્થામાં આવીએ ત્યારે આપણને પ્રેરણા મળે તેવો કાર્યકરોમાં ઉત્સાહ અને જુસ્સો જોવા મળતો હતો. તે કદાચ આજે હું જોઈ શકતી નથી. એમએસડબલ્યુમાં અભ્યાસ કરતી જલ્પા રાઠોડએ પોતાના ફીલ્ડ વર્કના આ સંસ્થાના આઠ દિવસમાં સંસ્થાની ટીમ પાસેથી નવુ નવુ શીખી રહી છુ અહીનું વાતાવરણ ખૂબ ગમ્યુ. નવલિકા પટોળીયાએ આ ટીમ પાસેથી શીખી તેને પોતાની રીતે સમાજમાં આગળ લઈ જવાના પ્રયાસની વાત કરી હતી. ખેત ઉત્પાદક સંઘોની રચનાની વાત સંસ્થા કરી રહી છે તે સંઘો વાસ્તવમાં કામ કરતા થાય તો ખરેખર આટલા વર્ષોમાં નથી થઈ શકયુ તેવું સરસ કાર્ય ખેડૂતોની આજીવિકાના સંદર્ભે થઈ શકે તેમ છે




શ્રી મગનભાઈ ગજેરાએ જણાવ્યુ હતુ.

આગલા દિવસે કાર્યકરો સાથે સંસ્થાના વીઝનની સમિક્ષા તથા બંધારણ અને પોલીસીમાં જરૂરી સુધારાઓ માટે સૂચનો મેળવ્યા હતા. જેમાં વીઝનની સમિક્ષાની જરૂર જણાઈ ન હતી, બંધારણ અને પોલીસીમાં ફેરફારની વિગતો તૈયાર કરી હતી જે આજે ચર્ચામાં લઈ સાધારણ સભામાં ચર્ચા માટે રજુ કરી. અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભાઓ મળી. બંને સંસ્થાઓની નવી વ્યવસ્થાપક કમિટીઓની રચના તથા નિયત થયેલા કામકાજો પર નિર્ણય કરવામાં આવ્યા હતા.

**જીવન સંઘર્ષનું બીજું નામ છે.**

## કાર્યક્રમોની પ્રવૃતિઓ..

ચોમાસાની શરૂઆત તથા શાળાઓના નવા વર્ષના આરંભે જેન્ડર, ઉદ્યોગ સાહસિકતા, કૃષિ અને શિક્ષણ કાર્યક્રમોમાં આ માસમાં થયેલ કાર્યની વિગતો નીચે મુજબ છે.

ન્યાય સમિતીના બહેનોને કાર્ય આધારિત માર્ગદર્શન અને ટેકો મળી તે માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. એકલનારીના પ્રશ્નોને લઈ ગુજરાતમાં કાર્યરત સંગઠનોની બેઠક યોજાઈ જેમાં એક પ્રતિનિધિ જોડાયા હતા. તેમણે અમરેલી જીલ્લામાં આ બાબતે થયેલ કામગીરી અને એકલ બહેનોના પ્રશ્નોની રજુઆત કરી હતી. તેમજ હાલના ભારે વરસાદથી થયેલ નુકસાન બાબતે પણ ચર્ચા કરી હતી. હવે પછી તે અંગે કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકામાં હરિરાજ સંસ્થા દ્વારા રચાયેલ જૈવ વિવિધતા સમિતીઓની મુલાકાત તથા પબ્લીક બાયોડાયવર્સીટી રજીસ્ટર બનાવવાની થયેલ કામગીરીની વિગતે બાયોડાયવર્સીટી બોર્ડના પ્રતિનિધિઓએ આ વિસ્તારની મલાકાત લઈ ગામ લોકો સંસ્થાના કાર્યકરો સાથે બેઠક કરી હતી. આ વિસ્તારમાં પ્રોડયુસર ઓર્ગનાઈઝેશન ની રચના કરવા હરિરાજે કરેલા પ્રયાસોની પણ ચર્ચા કરવામાં આવી. આગામી માસમાં પ્રાથમિક ઉત્પાદકોની બેઠક યોજવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.

અમરેલી જીલ્લાના ધારી તથા ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકામાં ખેત ઉત્પાદક સંઘોની રચના માટ અગાઉ બેઠકો યોજાઈ છે. તેમની નોંધણીના દસ્તાવેજો એકત્ર કરવાની કામગીરી માસ દરમ્યાન ચાલી હતી. જેમાં ધારી વિસ્તારમાં ખેડૂતો પાસેથી કેરીની ખરીદી પોષણક્ષમ ભાવોને ધ્યાનમા રાખી દિશા અને અવિરતના માધ્યમથી કરવામાં આવી હતી. સર ડોરાબજી ટાટા ટ્રસ્ટના પ્રતિનિધિઓએ આ પ્રક્રિયાની મુલાકાત કરી હતી.

અમરેલી જીલ્લાના જાફરાબાદ તથા ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના અગાઉ ઉતમ કપાસની ખેતીના કાર્ય સાથે જોડાયેલા ૩૦૦૦ ખેડૂતોની આ ચોમાસાના વાવેતરની વિગતો મેળવી અને નવા ૧૦૦૦ ખેડૂતોની પસંદગી તેમજ બંને તાલુકાના ૩૫ ગામોની પ્રાથમિક માહિતી મેળવી હતી. કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ મગફળી અને કપાસના પાક માટે તાલીમમાં સંસ્થાના એક પ્રતિનિધિએ ભાગ લીધો હતો. ખેડૂતોને કાર્યક્રમ આધારિત તથા મોડયુલ ટેકનીકલ તાલીમ આપવા ટીમના દરેક સભ્યો માટે તાલીમકારોની તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ખાતે યોજાઈ હતી.

આ વર્ષે ખેતી કાર્ય માટે અમરેલી જીલ્લાના

***અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.***

ખાંભા તથા ગીર સોમનાથ જીલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકાના મળી નવા ૩૦ ગામોની પસંદગી કરી ૩૦૦૦ ખેડૂતોને ઉતમ કપાસની ખેતીના કાર્ય સાથે જોડયા છે. આ કાર્ય માટે ટીમની પસંદગી તથા તેની ઈન્ટરવેન્શન મીશન મોડ આધારિત ટેકનીકલ તાલીમ કરવામાં આવી હતી. તમામ ગામોનો બેઈઝલાઈન, કપાસ ની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોની ઓળખ / પસંદગી અને લર્નીગ ગૃપની રચનાની કામગીરી ચાલી.

ઉપરોકત બંને યુનિટના ૧૭૫ જેટલા બનેલા લર્નીગ ગૃપની કાર્યક્રમની સમજ માટે તથા મોડયુલ આધારીત અલગ અલગ તાલીમો બંને ટીમના તાલીમકારોએ કરી હતી. દરેક ગૃપની માસીક મીટીંગો યોજાઈ જેમાં ટીમના સભ્યોએ હાજરી આપી હતી. જેમાં એજન્ડા તૈયાર કરવા, બેઠક વ્યવસ્થા, મીટીંગ સંચાલન અને કાર્યવાહી નોંધ લખવા અંગે ગૃપના સભ્યોને માહિતી આપવામાં આવી હતી.

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના ચરખા, અમરાપરા, દરેડ, સુખપુર તથા નીલવડા ગામે એજયુકેશન ફેસીલીટેટરની નિમણુંક સાથે શિક્ષણ સંવર્ધનના વર્ગો શરૂ કરવામાં આવ્યા. ગામલોકો, શાળા વ્યસ્થાપન સમિતીઓ તથા દરેક શાળાના સ્ટાફ સાથે સંકલનમાં રહી કુલ ૩૦૦ બાળકો સાથે આ કાર્ય શરૂ થયેલ છે. પસંદ થયેલા એજયુકેશન ફેસીલીટેટરની તાલીમો યોજી આ માસના અયોજન મુજબ વર્ગો ચલાવી શકે તે માટે તૈયાર કરવામાં આવ્યા.

પુરા તાલુકાની સામાન્ય માહિતી અદ્યતન કરી, પ્રવેશોત્સવમાં સામેલગીરી સહ પ્રવેશના આંકડા મેળવ્યા, ઈસ્યુબેઈઝ મીટીંગો, શિક્ષણ સંવર્ધન વર્ગો માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે પાંચેય ગામમાં વાલી મીટીંગો, ૧૦ ગામોમાં સ્થળાંતર કરતા પરીવારોની માહિતી મેળવી, ૪૫ ગામોમાં યુથ ગૃપની રચના તથા ગામ દીઠ સવયંસેવકોની પસંદગી કરવામાં આવી.

બાળકોની શીખવાની બાબતો સાથે શિક્ષણ પ્રક્રિયામાં લોકો ની ભાગીદારીની ચકાસણી લોકો અને શાળા વ્યવસ્થાપન સાથે રહી કરવાની બાબતો અંગેની પુરી ટીમની ૩ દિવસની તાલીમ કરવામાં આવી. તાલીમના અંતે ટીમની કામગીરીની સમિક્ષા બેઠક યોજાઈ હતી.

સંસ્થાની કોર ગૃપ મીટીંગ તથા ટીમ મીટીંગ યોજાઈ હતી જેમાં સંસ્થાની પોલીસી અને બંધારણમાં ફેરફાર બાબતે સુચનો મેળવ્યા હતા. કોર ગૃપમાં આગામી રોજરોજના કાર્યોની સમિક્ષા સહ વાર્ષિક મિલનના આયોજન અને તેની જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી હતી. નવા સ્ટાફની પસંદગીની પ્રક્રિયા નક્કી કરવામાં આવી હતી.

**કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલ વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.**

## Happy birhdaay

| | | |
|---|---|---|
| 1 | Ranjit Govaliya | 01-07-1986 |
| 2 | Sheetal Gadhiya | 02-07-1981 |
| 3 | Gopal Ondhiya | 03-07-1988 |
| 4 | Kanchan Vaagdia | 09-07-1968 |
| 5 | Hitesh Gondalia | 15-07-1988 |
| 6 | Heena Mehta | 16-07-1992 |
| 7 | Hardik Vagadia | 20-07-1985 |
| 8 | Paresh Solanki | 28-07-1990 |

## Engage on this month

- 1-3 Training on Package of Practices for Groundnut and Cotton at GAU Junagadh
- 5 Training of trainers for PUs - CC BCI Program at KVK Amreli
- 13 Staff meeting
- 11 Visit on Dhari field area and Amreli office by SDTT for future planing
- 13 Training on mission mode at Amreli
- 14 Annual meet
- 14 Annual general board meeting
- 25 Start relief work
- 26 Ekalnari meeting at A'bd
- 25-27 Training on learning audit at Sayala
- 29 Workshop on Engaging parents to promote girls' transition to secondary education at A'bd

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નશીબના ભરોસે બેસી રહેવું તે કાયરતાની નિશાની છે.**